

# મે ૨૦૧૮

## Most IMP Current Affairs

www.crackgpsc.com

Crack GPSC

# મે ૨૦૧૮


આટલું તો વાંચવું જ પડે...
માસ્ટર GK
એક બુક બધી પરીક્ષાઓ
પ્રશ્નોનો સંગ્રહ
કોઇ પણ સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી
UPSC, GPSC, PI, PSI, ASI, નાયબ મામલતદાર, Dy. SO,
તલાટી, કોન્સ્ટેબલ, બિન-સચિવાલય ક્લાર્ક, હાઈકોર્ટ ક્લાર્ક,
TAT, TET, HTAT, SSC, BANK, LIC, Railway, MBA.
Crack GPSC easily with...
crackgpsc.com

# Most Imp Current Affairs – May 2018

- મિતાલી રાજ 'સ્પોર્ટ્સપર્સન ઓફ ધ યર'થી સન્માનિત.
- મધ્યપ્રદેશમાં છે દેશની સૌથી વધુ આદિવાસી વસાહતો.
- વિનીત જોશી નેશનલ ઇન્વેસ્ટીગેશન એજન્સીના પ્રથમ ડિરેક્ટર જનરલ નિયુક્ત.
- વૈજ્ઞાનિકોએ માનવ શરીરમાં એક નવા અંગ 'ઇન્ટરસ્ટિટિયમ'ની શોધ કરી. જેનાથી મનુષ્યના શરીરમાં કેન્સર કેવી રીતે ફેલાય છે એ સરળતાથી સમજી શકાશે.
- 1 એપ્રિલથી પોસ્ટ ઓફિસ પેમેન્ટ બેંકે પોતાની સેવાઓ શરૂ કરી. આને ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંકના નામથી ઓળખવામાં આવશે તથા દેશનું સૌથી મોટું પેમેન્ટ બેંક નેટવર્ક હશે.
- ગુરુગ્રામ સ્થિત હોટલ એગ્રીગેટર તથા સ્ટાર્ટઅપ ઓયોએ પોતાની ક્રીપ્ટોકરન્સી શરૂ કરી જેનું નામ 'ઓયો સ્માર્ટ કોઈન' છે.
- 2 એપ્રિલ : આંતરરાષ્ટ્રીય ઓટીઝમ જાગૃતિ દિવસ. આ વર્ષનો વિષય - ઓટીઝમથી પીડિત મહિલાઓ અને છોકરીઓને સશક્ત બનાવવી.
- મધ્યપ્રદેશ સરકારે સરકારી કર્મચારીઓ માટે સેવા નિવૃત્તિની વય વધારીને 62 કરવાની ઘોષણા કરી.
- BCCIના પૂર્વ અધ્યક્ષ અનુરાગ ઠાકુર હિમાચલ હોકીના અધ્યક્ષ નિયુક્ત.
- એમ એલ શ્રીવાસ્તવ લલિત કલા અકાદમીના હંગામી અધ્યક્ષ નિયુક્ત.
- અજીત સિંહ BCCIના ભ્રષ્ટાચાર વિરોધી યુનિટના પ્રમુખ નિયુક્ત.
- સ્લોએન સ્ટીફંસે મિયામી ઓપન ટેનિસ ટુર્નામેન્ટમાં મહિલા એકલનો ખિતાબ જીત્યો.
- ચીન પછી ભારત દુનિયામાં બીજો સૌથી મોટો મોબાઈલ ફોન નિર્માતા દેશ બન્યો.
- જોન ઇસ્નરે પુરુષોની એકલ મિયામી ઓપન જીતી.
- કેરલે પોતાનો છઠ્ઠો સંતોષ ટ્રોફી ફૂટબોલ ખિતાબ જીત્યો.
- સંજીવ નોટીયાલ SBI લાઈફ ઈન્સ્યોરન્સના એમડી અને CEO બન્યા.
- મુકેશ અંબાણી એશિયાના ત્રીજા સૌથી અમીર વ્યક્તિ. બ્લૂમબર્ગ અબજપતિઓના સૂચકાંકમાં 19મા સ્થાને.
- દિલ્હી યુરો VI બળતણનું સંચાલન કરનાર પ્રથમ શહેર બન્યું.
- કોવલમમાં એશિયાની સૌથી મોટી સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ સભા 'હડલ કેરલ' યોજવામાં આવશે.
- સંયુક્ત રાજ્ય અમેરિકા અને દક્ષિણ કોરિયા સંયુક્ત સૈન્ય અભ્યાસ 'ફોલ ઈગલ' શરૂ.

- દેબંજની ઘોષ નાસકોમનાં નવાં અધ્યક્ષ.
- અમેરિકન રાજનાયિક ડીઆર્લો પ્રથમ મહિલા યુએન રાજનૈતિક ચીફ બની.
- એચઆરડીએ પેપર લીક થતા રોકવા માટે નવી કમિટી બનાવી જેના અધ્યક્ષ શ્રી વિનય ઓબેરોય બન્યા.
- 21મી કોમનવેલ્થ ગેમ્સનું ઉદઘાટન ઓસ્ટ્રેલિયાના ગોલ્ડ કોસ્ટમાં થયું.
- ફ્લીપકાર્ટે યાત્રા સેવાઓ આપવા માટે મેકમાયટ્રીપ સાથે ભાગીદારી કરી.
- સુબ્રત ભટ્ટાચાર્ય સર્બિયા માટે ભારતના આગામી રાજદૂત નિયુક્ત.
- હિમાંતા બિસ્વા સરમા BAIના અધ્યક્ષ ચૂંટાયા.
- જુલીએસ માદા બાયોએ સિએરા લિયોનના રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા.
- 7 એપ્રિલ: વિશ્વ સ્વાસ્થ્ય દિવસ. થીમ: યુનિવર્સલ હેલ્થ કવરેજ: એવરીવન, એવરીવેર.
- સ્ટીલ યુઝર્સ ફેડરેશન ઓફ ઇન્ડિયા (સુફી) અનુસાર ભારત કાચા સ્ટીલના ઉત્પાદનમાં ચીન બાદ બીજા નંબર પર.
- મીરાબાઈ ચાનુએ કોમનવેલ્થ ગેમ્સમાં ભારતનો પ્રથમ સુવર્ણ ચંદ્રક જીત્યો.
- ઉત્તરપ્રદેશમાં ગંગા નદીના કિનારે 27 જિલ્લાઓમાં ગંગા હરિતિમા યોજનાની શરૂઆત.
- સતીશ કુમાર શિવલિંગમે 21મી કોમનવેલ્થ ગેમ્સમાં વેઇટ લિફ્ટિંગના પુરુષના 77 કિગ્રા વર્ગનો સુવર્ણ ચંદ્રક જીત્યો.
- ભારત-કોરિયા સંયુક્ત સમુદ્ર-વિરોધી ચોરી, શોધ અને બચાવ અભ્યાસ 'સહયોગ-હ્યુબ્લીઓગ 2018' ચેન્નાઈ તટેથી યોજાયો.
- મિતાલી રાજ મહિલા ક્રિકેટમાં સૌથી વધુ વનડે મેચ રમનાર પ્રથમ ખેલાડી બની.
- ભારતીય વાયુસેનાએ પાકિસ્તાન અને ચીનની સીમાઓ પર સૌથી મોટો યુદ્ધ અભ્યાસ 'ગગનશક્તિ 2018' શરૂ કર્યો.
- મનુ ભાકરે 2018ની કોમનવેલ્થ ગેમ્સમાં ભારત માટે છઠ્ઠો સુવર્ણ ચંદ્રક જીત્યો.
- નેપાળના વડાપ્રધાન કેપી શર્મા ઓલી ભારતની ત્રણ દિવસીય યાત્રા પર.
- સાયબર ધમકી માટે અમેરિકા સૌથી વધુ સંવેદનશીલ દેશ. ભારત ત્રીજા સ્થાને.
- વેઇટ લિફ્ટર સંજીતા ચાનૂએ ભારતનો બીજો સુવર્ણ ચંદ્રક જીત્યો.
- કોમનવેલ્થ ગેમ્સ-2018 : દીપક લાઠેર ચંદ્રક જીતનાર સૌથી યુવા ભારતીય વેઇટ લિફ્ટર બન્યો.
- લિએંડર પેસ ડેવિસ કપના સૌથી સફળ ખેલાડી.
- ક્રિશ્ચિયન સ્વિંગ ડ્યૂશ બેંકના નવા CEO નિયુક્ત.
- રણવીર સિંહ અને અનુષ્કા શર્માને દાદા સાહેબ ફાળકે એકસેલન્સ એવોર્ડ આપવામાં આવશે.
- સેબેસ્ટીયન વેટ્ટેલે બહેરીન ગ્રા. પ્રી. જીતી.

crackgpsc.com

- કોમનવેલ્થ ગેમ્સમાં પ્રથમ વખત ભારતીય બેડમિન્ટન ટીમે સુવર્ણ ચંદ્રક જીત્યો.
- કોમનવેલ્થ ગેમ્સમાં ભારતે 12 વર્ષ બાદ પુરુષ ટેબલ ટેનિસ ટીમનો સુવર્ણ ચંદ્રક જીત્યો.
- રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ કંડેકોરેસીયનથી સન્માનિત. ઇક્વેટોરિયલ ગીનીની સરકાર દ્વારા બિન-નાગરિકને અપાતું સર્વોચ્ચ સન્માન.




- વિક્ટર ઓરબાને હંગેરીના વડાપ્રધાન તરીકે સતત ત્રીજી વખત જીત નોંધાવી.
- સૌથી વ્યસ્ત એરપોર્ટ્સની યાદી-2017માં ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, નવી દિલ્હી 16મા સ્થાને. હાર્ટફિલ્ડ-જેક્સન એટલાન્ટા એરપોર્ટ, સંયુક્ત રાજ્ય અમેરિકા ટોચ પર.
- ભારતીય નિશાનેબાજ હિના સિદ્ધૂએ કોમનવેલ્થ ગેમ્સ રેકોર્ડ બનાવીને 25 મીટર પિસ્ટલ સ્પર્ધાનો સુવર્ણ ચંદ્રક જીત્યો.
- રિષદ પ્રેમજી નાસ્કોમ (નેશનલ એસોસિએશન ઓફ સોફ્ટવેર એન્ડ સર્વિસીઝ કંપનીઝ)ના અધ્યક્ષ નિયુક્ત.

- શ્રેયાસીસિંહે કોમનવેલ્ધ ગેમ્સમાં મહિલાઓની ડબલ ટ્રેપ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો.
- બલરામ ભાર્ગવ ICMR (Indian Council of Medical Research)ના નવા ડીજી નિયુક્ત.
- ભૂતપૂર્વ સંયુક્ત રાષ્ટ્ર મહાસચિવ બાન કી મૂન 'એશિયા માટે બોઓ ફોરમ'ના અધ્યક્ષ ચૂંટાયા.
- ખનિજ સંશોધનને પ્રોત્સાહન આપવા માટે ભારત અને મોરોક્કોએ સમજૂતી સંધિ કરી.
- ધોલેરામાં સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રિજનમાં 5000 મેગાવોટ ક્ષમતાવાળો દુનિયાનો સૌથી મોટો સૌર પાર્ક બનશે.
- બાંગ્લાદેશે સરકારી નોકરીઓમાં અનામત સમાપ્ત કરી.
- રાજેશ રંજન CISF (Central Industrial Security Force)ના ડીજી નિયુક્ત.
- કીદંબી શ્રીકાંત વિશ્વનો નંબર વન ખેલાડી બનનાર પ્રથમ ભારતીય પુરુષ બેડમિન્ટન ખેલાડી બન્યો.
- ભારતીય પહેલવાન સુશીલ કુમારે 2018 કોમનવેલ્ધ ગેમ્સમાં પુરુષોની 74 કિગ્રા ફ્રીસ્ટાઈલ સ્પર્ધામાં સતત ત્રીજી કોમનવેલ્ધ ગેમ્સમાં સુવર્ણ ચંદ્રક જીત્યો.
- ભાનુ પ્રતાપ શર્મા બેંક બોર્ડ બ્યુરોના અધ્યક્ષ નિયુક્ત.
- શ્રીપ્રિયા રંગનાથન કોરિયા ગણરાજ્યમાં ભારતનાં નવાં રાજદૂત નિયુક્ત.
- 65મા રાષ્ટ્રીય પુરસ્કાર:
    - ✓ શ્રીદેવી 'મોમ' માટે શ્રેષ્ઠ અભિનેત્રી
    - ✓ 'ન્યૂટન' શ્રેષ્ઠ હિન્દી ફિલ્મ
    - ✓ ફિલ્મ 'નાગર કીર્તન' માટે બંગાળી અભિનેતા રિદ્ધિ સેન શ્રેષ્ઠ અભિનેતા
    - ✓ '*ઢ* બેસ્ટ *ગુજરાતી* ફીચર *ફિલ્મ*
    - ✓ વિનોદ ખન્નાને મરણોત્તર દાદા સાહેબ ફાળકે પુરસ્કાર
- ઈસરોએ નેવિગેશન ઉપગ્રહ IRNSS-1 (Indian Regional Navigation Satellite System-1L) લોન્ચ કર્યો. ઈસરોના અધ્યક્ષ ડૉ. કે. સિવાન છે.
- આર્થિક સ્વતંત્રતા સૂચકાંક-2018 : ભારત 130મા સ્થાને, હોંગકોંગ પ્રથમ.
- કોમનવેલ્ધ ગેમ્સ-2018 : અનીશ ભંવલા ભારતનો સૌથી યુવા કોમનવેલ્ધ સુવર્ણ ચંદ્રક વિજેતા.
- રાજનાથસિંહે વિદેશીઓ માટે વેબ આધારિત એપ e-FRRO (e-Foreigners Regional Registration Office) લોન્ચ કરી.
- કોમનવેલ્ધ ગેમ્સ-2018 : નીરજ ચોપડા જેવેલિન થ્રોમાં સુવર્ણ ચંદ્રક જીતનાર પ્રથમ ભારતીય.
- 17 એપ્રિલ : વિશ્વ હિમોફિલીયા દિવસ. 2018નો વિષય Sharing Knowledge Makes Us Stronger.
- મનિકા બત્રા, કોમનવેલ્ધ ગેમ્સના ઈતિહાસમાં ટેબલ ટેનિસની મહિલા સિંગલ્સ સ્પર્ધાનો સુવર્ણ ચંદ્રક જીતનાર ભારતની પ્રથમ ખેલાડી બની.

crackgpsc.com

- મેરી કોમ કોમનવેલ્થ ગેમ્સમાં મુક્કાબાજીમાં સુવર્ણ ચંદ્રક જીતનાર પ્રથમ ભારતીય મહિલા મુક્કેબાજ બની.
- ગૌરવ સોલંકીએ કોમનવેલ્થ ગેમ્સ-2018માં ફ્લાઈટવેટ શ્રેણી (52 કિગ્રા)નો સુવર્ણ ચંદ્રક જીત્યો.
- વડાપ્રધાન મોદીએ છત્તીસગઢના આદિવાસી જિલ્લા બીજાપુરમાં આયુષ્યમાન ભારત યોજના હેઠળ પ્રથમ સ્વાસ્થ્ય કેન્દ્રનું ઉદઘાટન કર્યું.
- 18 એપ્રિલ : વિશ્વ વિરાસત દિવસ. આ વર્ષનો વિષય Heritage for Generations. ભારતમાં કુલ 36 વિશ્વ વિરાસત સ્થળ છે.
- ગોલ્ડ કોસ્ટ (ઓસ્ટ્રેલિયા)માં 21મી કોમનવેલ્થ ગેમ્સ સંપન્ન. આગામી કોમનવેલ્થ ગેમ્સ 2022માં બર્મિંગહામમાં.
- 21મી કોમનવેલ્થ ગેમ્સ : આમાં કુલ 71 દેશોએ ભાગ લીધો. ભારત 66 પદક (26 ગોલ્ડ, 20 સિલ્વર, 20 બ્રોન્ઝ) સાથે ત્રીજા સ્થાને. ઓસ્ટ્રેલિયા 198 પદક (80 ગોલ્ડ, 59 સિલ્વર, 59 બ્રોન્ઝ) સાથે પ્રથમ.
- સાઉદી આરબમાં 29મા આરબ લીગ શિખર સંમેલનની શરૂઆત.
- વડાપ્રધાન મોદી સ્વીડન અને યુકેની 5 દિવસીય યાત્રાએ.
- કોમનવેલ્થ સરકારના પ્રમુખોની બેઠક (CHOGM 2018) લંડનમાં શરૂ. શિખર સંમેલનનો વિષય Towards a Common Future.
- સંજીવ મેહતા હિંદુસ્તાન યુનિલીવર લિ.ના ચેરમેન નિયુક્ત.
- અભિનેતા ધર્મેન્દ્રની મહારાષ્ટ્ર સરકાર દ્વારા રાજકપૂર લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ માટે પસંદગી.
- પીપી મલ્હોત્રાએ NCCના ડિરેક્ટર જનરલ તરીકે કાર્યભાર સંભાળ્યો.
- કોટક મહિન્દ્રા બેંક SBIને પાછળ પાડીને ભારતની બીજી સૌથી મૂલ્યવાન બેંક બની. એચડીએફસી બેંક લિ. દેશની સૌથી મૂલ્યવાન બેંક.
- પ્રતિભા માટે બેંગલુરૂ સૌથી વધુ પૈસા આપનાર શહેર : રૈંડસ્ટેડ ઇનસાઈટ્સ
- સમાચાર પત્ર 'ધ ન્યૂયોર્ક ટાઈમ્સ' અને મેગેઝીન 'ધ ન્યૂયોર્કર'ની સંયુક્ત રીતે લોકસેવાના પુલિત્ઝર પુરસ્કાર માટે પસંદગી.
- ડ્યૂ સીન ગ્રીયરે 'લેસ' નવલકથા માટે પુલિત્ઝર પુરસ્કાર જીત્યો.
- ઈસ્ટ ગોદાવરી પૂર્ણ એલઈડી સ્ટ્રીટ લાઈટીંગવાળો પ્રથમ જિલ્લો બન્યો.
- સરકારે નાબાર્ડની અધિકૃત મૂડીને છ ગણી વધારીને 30 હજાર કરોડ રૂપિયાની કરી.
- દિલીપ ચેનોય ફિક્કી (ફેડરેશન ઓફ ઇન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી)ના જનરલ સેક્રેટરી નિયુક્ત.

- 21 એપ્રિલ : સિવિલ સર્વિસ ડે. આ દિવસનો મુખ્ય વિષય છે : 'Evolving Strategies for Transforming Aspirational Districts'.
- યુનાઇટેડ કિંગડમ આંતરરાષ્ટ્રીય સૌર સંગઠનમાં સામેલ થનાર 62મો દેશ બન્યો.
- મધ્યપ્રદેશને સૌથી વધુ ફિલ્મ ફ્રેન્ડલી સ્ટેટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે.
- સી. હરિદાસ ઇન્ડિયન ઓવરસીઝ બેંકના ચીફ ફાયનાન્સ ઓફિસર નિયુક્ત.
- મિગુએલ ડિયાઝ-કેનેલ ક્યૂબાના રાષ્ટ્રપતિ ચૂંટાયા.
- 22 એપ્રિલ: વિશ્વ પૃથ્વી દિવસ. વિશ્વ પૃથ્વી દિવસ-2018નો વિષય 'પ્લાસ્ટિક પ્રદૂષણનો અંત'.
- ભારત વિશ્વની છઠ્ઠી સૌથી મોટી અર્થવ્યવસ્થા બન્યું: WEO.
- ભારત અને બ્રિટને સાયબર સંબધ, ગંગાના કાયાકલ્પ અને કૌશલ વિકાસ સહિત 10 સમજૂતીઓ પર હસ્તાક્ષર કર્યા.

GPSC, BANK Clerk/PO
Maths & Reasoning by...
એમ. કે. સર
87340 98198

- સરકારે વિદેશી વિદ્યાર્થીઓને આકર્ષવા માટે 'સ્ટડી ઇન ઇન્ડિયા' લોન્ચ કર્યું.
- કોમનવેલ્થ ઇનોવેશન ઇન્ડેક્સ 2018 : ભારત 10મા સ્થાને. યુ.કે., સિંગાપુર અને કેનેડા ટોચ પર.
- ગુજરાત પોલીસે પોકેટ કોપ પ્રોજેક્ટનું અનાવરણ કર્યું, જેથી પાસપોર્ટ અરજદારોની ઝડપી તપાસ થઇ શકશે અને આરોપીની શોધ પણ થઇ શકશે.
- 23 એપ્રિલ: વિશ્વ પુસ્તક અને કોપીરાઈટ દિવસ. 1995માં યુનેસ્કો દ્વારા પ્રથમ વખત યોજવામાં આવ્યો હતો.
- ડેનિયલ રિકિયાર્ડોએ ચીની ગ્રાં. પ્રી. 2018 જીત્યો.
- બ્રિકસ નાણા મંત્રી અને કેન્દ્રીય બેંક ગવર્નર્સની પ્રથમ બેઠક યુએસએના વોશિંગ્ટન ડીસીમાં યોજાઈ.
- ૧૨ વર્ષથી નાની બાળકીઓના બળાત્કારીઓને ફાંસી. ૧૬ વર્ષથી ઓછી વયની બાળકીઓ પર રેપમાં ૨૦ વર્ષ, ગેંગરેપમાં આજીવન કેદની સજા. સગીરા સાથે રેપ કરનારને હવે સાત વર્ષ નહીં પણ ૧૦ વર્ષની જેલની સજા ફટકારાશે. રેપના કેસમાં પીડિતા ૧૬ વર્ષથી ઓછી વયની હશે તો આગોતરા જામીન નહીં મળે. બે મહિનાની અંદર તપાસ કરી ટ્રાયલ પૂર્ણ કરી લેવાની રહેશે, બળાત્કારીઓનો ડેટાબેઝ તૈયાર થશે. પોલીસ સ્ટેશનો અને હોસ્પિટલોમાં રેપના કેસમાં મદદરુપ ફોરેંસિક કિટ અપાશે.

crackgpsc.com

- નરોડા પાટિયા રમખાણ - ગુજરાત હાઈકોર્ટમાંથી માયા કોડનાની મુક્ત, બાબૂ બજરંગીની સજા કાયમ.
- સ્વાજીલેંડના રાજાએ દેશનું નામ બદલીને 'ઇસ્વાતિની સામ્રાજ્ય' કર્યું.
- 24 એપ્રિલ : રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ. 1992ના 73મા બંધારણીય સુધારા હેઠળ 24 એપ્રિલ 1993ના રોજ પંચાયત અસ્તિત્વમાં આવી.
- વડાપ્રધાને નરેન્દ્ર મોદીએ મધ્યપ્રદેશના માડલામાં રાષ્ટ્રીય ગ્રામીણ સ્વરાજ અભિયાનનો શુભારંભ કર્યો.
- કોમનવેલ્થ ચીફ તરીકે મહારાણીના ઉત્તરાધિકારી હશે પ્રિન્સ ચાર્લ્સ.
- 'ઘરના ઘર'નું સપનું થશે સાકાર. ગુજરાત સરકારે સહાયમાં કર્યો 50 હજારનો વધારો. 70 હજારને બદલે 1 લાખ 20 હજાર રૂપિયા આપવાનો નિર્ણય. આ યોજના અંતર્ગત 20 હજાર કુટુંબોને આવરી લઇને અંદાજે રૂ. 240 કરોડની સહાય આપવાનું રાજ્ય સરકારનું આયોજન.
- ગુજરાતી ભાષાની લઘુ ફિલ્મ 'રમ્મત-ગમ્મત'નું જર્મનીના ઓબરહોસેનમાં યોજાનાર 64મા આંતરરાષ્ટ્રીય લઘુ ફિલ્મ મહોત્સવમાં વર્લ્ડ પ્રીમિયર થશે.
- 25 એપ્રિલ : વિશ્વ મેલેરિયા દિવસ. આ વર્ષના મેલેરિયા દિવસનો વિષય 'Ready to beat Malaria' છે.
- આંતરરાષ્ટ્રીય SME સંમેલન નવી દિલ્હીમાં યોજવામાં આવ્યું.
- સંજય ભટ્ટાચાર્ય તુર્કી માટે ભારતના આગામી રાજદૂત નિયુક્ત.
- તેલંગાણા સરકારે ખેલાડીઓ માટે સરકારી નોકરીઓમાં 2% આરક્ષણની ઘોષણા કરી.
- દીવ સ્માર્ટ સિટી દિવસ દરમ્યાન 100% અક્ષય ઊર્જા પર ચાલનાર ભારતનું પ્રથમ શહેર બન્યું.
- TCS બજાર મૂડીકરણમાં 100 બિલિયન ડોલર્સ પાર કરનાર પ્રથમ ભારતીય કંપની બની.
- 26 એપ્રિલ: વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ. 2018નો વિષય 'Powering change: Women in innovation and creativity' છે.
- રાફેલ નડાલે મોંટે કાર્લો ટેનિસ માસ્ટર્સના પુરુષ એકલનો ખિતાબ જીત્યો.
- ઓસ્ટ્રેલિયાએ મહિલા અંડર 16 એશિયા ઓશિનિયા જુનિયર ફેડ કપ ટેનિસ ટૂર્નામેન્ટ જીતી.
- એસ. જયશંકર ટાટા ગ્રુપના વૈશ્વિક કોર્પોરેટ બાબતોના અધ્યક્ષ નિયુક્ત.
- મિસરના એક કેદી ફોટોગ્રાફર અબુ ઝૈદ વિશ્વ પ્રેસ સ્વતંત્રતા પુરસ્કારથી સન્માનિત.
- ભારતીય સ્ક્વોશ ખેલાડી વેલાવન સેંથિલકુમારે પોતાનો પ્રથમ PSA વિશ્વ ટૂર ખિતાબ જીત્યો.
- ભારતે 8મી દક્ષિણ એશિયન જુડો ચેમ્પિયનશિપ જીતી.
- ઈ-વે બિલ ઈશ્યુ કરવામાં ગુજરાત દેશમાં પ્રથમ ક્રમાંકે.
- ગુજરાત સરકારે પ્રથમ વાર નશાબંધીનો કડકાઈપૂર્વક અમલ કરવા માટે સોશિયલ મીડિયાનો ભરપૂર ઉપયોગ કરવાનો નિર્ણય લીધો અને સ્ટેટ મોનીટરિંગ સેલની રચના કરી. તેના કંટ્રોલ

crackgpsc.com

રૂમના નંબર 9978934444 ઉપર વોટ્સએપ અને SMS દ્વારા પણ નશાબંધી અંગેની માહિતી આપી શકાશે. જે સંપૂર્ણપણે ગુપ્ત રાખવાની સરકારે ખાતરી આપી છે. રાજ્યમાં ટોલ-ફ્રી નંબર-14405 શરૂ કરાયો છે સાથોસાથ સ્ટેટ મોનીટરિંગ સેલનું ફેસબુક આઈડી પણ કાર્યરત કરવામાં આવ્યું છે.

- ચીનમાં જોવા મળ્યો દુનિયાનો સૌથી મોટો મચ્છર. આ મચ્છરની પાંખોનો ફેલાવ 11.15 સેન્ટીમીટર છે. આ મચ્છરનો સંબંધ દુનિયાની સૌથી લાંબી મચ્છર પ્રજાતિ 'હાલોરૂસિયા મિકાદો' સાથે છે. સૌથી પહેલાં આ પ્રજાતિ જાપાનમાં જોવા મળી હતી. આ મચ્છર ભલે ખોફનાક દેખાય છે પરંતુ વ્યક્તિનું લોહી ચૂસતો નથી. આ પ્રજાતિના અડલ્ટ મચ્છરોની ઉંમર થોડાંક જ દિવસની છે અને તેનો ખોરાક ફૂલોની પરાગરજ હોય છે.
- દીપિકા પાદુકોણ, વિરાટ કોહલી TIME ના 100 સૌથી પ્રભાવશાળી લોકોમાં સામેલ.
- 2025 સુધી 5 ટ્રિલિયન ડોલર પહોંચશે ભારતનો GDP.
- દિગંબરપુર ગ્રામ પંચાયત બની ભારતની શ્રેષ્ઠ પંચાયત.
- મદ્રાસ હાઈકોર્ટ ઈ-કોર્ટ ફી પેમેન્ટ સુવિધાનું આયોજન કરનાર દક્ષિણ ભારતની પ્રથમ કોર્ટ બની.
- વિશ્વના સૌથી મોટા 50 નેતૃત્વકર્તા-2018માં મુકેશ અંબાણી 24મા સ્થાને.
- જમ્મુ-કાશ્મીર 7મા કેન્દ્રીય પગાર પંચની ભલામણોને મંજુરી આપનાર પ્રથમ રાજ્ય બન્યું.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચીનની ત્રણ દિવસીય યાત્રાએ.
- મારિયો અબ્દો બેનિટેઝ પરાગ્વેના નવા રાષ્ટ્રપતિ ચૂંટાયા.
- વિશ્વ પ્રેસ સ્વતંત્રતા સૂચકાંક રિપોર્ટ : ભારત 138મા ક્રમાંકે, નોર્વે ટોચ પર.
- ઇન્દુ મલ્હોત્રા વકીલમાંથી સુપ્રીમ કોર્ટના જજ બનનારી પ્રથમ મહિલા બની.
- ભારત-નેપાળ IGC બેઠક કાઠમાંડુમાં શરુ થઇ.
- CIA પ્રમુખ માઈક પોમ્પેઓએ રાજ્યના નવા અમેરિકન સચિવ તરીકે શપથ લીધા.
- ગુગલ ભારતમાં સૌથી વિશ્વાસપાત્ર ઇન્ટરનેટ બ્રાન્ડ.
- CSIRને મળ્યો રાષ્ટ્રીય બૌદ્ધિક સંપદા પુરસ્કાર-2018.
- પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહે 'મેરી યાત્રા માર્ક્સવાદ-લેનિનવાદસે નહેરુવાદી સમાજવાદ તક' પુસ્તક બહાર પાડ્યું.
- પૂર્વ ભારતીય ફૂટબોલ ટીમના કેપ્ટન બાઈચુંગ ભૂટીયાએ પોતાની રાજકીય પાર્ટી 'હમરો સિક્કિમ' લોન્ચ કરી.
- નરેન્દ્ર ચૌહાણ ચેક ગણરાજ્યમાં ભારતના આગામી રાજદૂત નિયુક્ત.
- કૃષ્ણ કુમાર નોર્વેમાં ભારતના આગામી રાજદૂત નિયુક્ત.
- રાજીવ કુમાર નાગપાલ વેનેઝુએલામાં ભારતના આગામી રાજદૂત નિયુક્ત.

crackgpsc.com

- દાલમિયાએ 'એડોપ્ટ એ હેરીટેજ' પરિયોજના અંતર્ગત લાલ કિલ્લો અને ગાંધીકોટા કિલ્લો (આંધ્રપ્રદેશ) એડોપ્ટ કરવા પર્યટન મંત્રાલય સાથે સમજુતી કરી.
- ઉત્તર કોરિયાના નેતા કીમ જોંગ ઉન દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ મુન જે ઇનની મુલાકાત માટે દક્ષિણ કોરિયા પહોંચ્યા.
- ઉત્તર અને દક્ષિણ કોરિયા પરમાણુ મુક્ત થવા પર સહમત.




crackgpsc.com